# સી.પી. પટેલ એન્ડ એફ .એચ .શાહ કોમર્સ કોલેજ, આણંદ
## પ્રેસ નોટ

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ .એચ .શાહ કોમર્સ કોલેજના બી.સી.એ, બી.બી.એ(આઈ.ટી.એમ), પી.જી.ડી.સી.એ તથા એક્રીલ ડિપાર્ટમેંટ દ્વારા તારીખ ૧૫-૦૩-૨૦૧૯ ને શુક્રવારના રોજ “ઈનામ વિતરણ અને ફેરવેલ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી એન્ડ સેક્રેટરી શ્રી બી.એન.પટેલ સાહેબ પ્રમુખ પદે , મુખ્ય મહેમાન તરીકે ડૉ નીમેષ જોશી સાહેબ (ધરમ સિંહ દેસાઇ યુનિવર્સિટિ) અને ડૉ દર્શન ચોક્સી સાહેબ (સરદાર પટેલ યુનિવર્સિટિ- પોસ્ટ ગ્રેજયુએટ ડિપાર્ટમેંટ ઓફ કમ્પ્યુટર સાઇન્સ) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના જોઇન્ટ સેક્રેટરી શ્રીમતી મૃદુલાબેન બી પટેલ, શ્રી અનવેશભાઇ પટેલ, શ્રી રમેશભાઈ પટેલ, શ્રી રાજેશભાઈ પટેલ, તથા સી.પી. પટેલ એન્ડ એફ .એચ .શાહ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ.આર ડી મોદી સાહેબ અને સ્પેટ પરિવાર ની બીજી શાખાઓના આચાર્યશ્રી , હેડ ઓફ ડિપાર્ટમેંટ અને અધ્યાપકોએ હાજરી આપી કાર્યક્રમ ની શોભા વધારી હતી. કાર્યક્રમની શરૂઆત નૃત્ય સ્વરૂપે પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનો નો શાબ્દિક પરિચય શ્રી નયનભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ હતો. વર્ષ ૨૦૧૮ -૧૯ નો વાર્ષિક અહેવાલ શ્રી મિતેશ પટેલ દ્વારા કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમ માં વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃતિઓમાં વિજય થયેલા વિદ્યાર્થીઓને કુલ ૧૦૮ શિલ્ડ અને ૧૩૫ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ હતા. ડૉ નીમેષ જોશી અને ડૉ. દર્શન ચોક્સી ના પ્રેરણા રૂપી ઉદબોધનથી ઘણા બધા વિર્ધાર્થીઓને સ્વનિર્ભરતામાં અને આત્મ વિશ્વાસમાં વધારો કર્યો હતો. શ્રી ભીખુભાઈ ના પ્રવચનમાં અનેરો ઉત્સાહ હતો અને ભવિષ્યમાં આવનારી ખુશીઓનું , વર્ણન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બાનવવામાટે સર્વ સ્ટાફ મિત્રોએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

